# વૈદિક મંત્રોચ્ચાર સાથે સમરજીતસિંહનો રાજ્યાભિષેક


(તસવીર : વલ્લભ શાહ)

**૯.૨૪ મિનિટે** યુવરાજ સમરજીતસિંહ હાથમાં સયાજીરાવ ગાયકવાડે રાજ્યાભિષેક વેળા સાથે રાખેલી સોનાની તલવાર લઈ પત્ની રાધિકારાજે સાથે પૂર્વાભિમુખ દરવાજેથી ગાદી હોલમાં પ્રવેશ્યા

**સવારે ૧૦.૦૧ મિનિટે** પુષ્ય નક્ષત્રના શુભ યોગમાં પરંપરાગત દુદૂંભીનાદ વચ્ચે જમણો પગ આગળ કરી યુવરાજ રાજગાદી પર બિરાજમાન થયા

**ગાદીનશીન મહારાજ** સમરજીત તેમજ મહારાણી રાધિકારાજેએ કૂળસ્વામી ખંડોબાના આશીર્વાદ મેળવ્યા

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા,તા.૨૨

આજે યુવરાજ સમરજીતસિંહ ગાયકવાડની રાજ્યાભિષેક વિધિ સંપન્ન થતા સંસ્કારીનગરી વડોદરાના મહારાજા તરીકે તેઓ રાજગાદી પર આરૂઢ થયા છે. ગાયકવાડી પરિવારના સભ્યો અને મહેમાનોથી ખીચોખીચ ભરાયેલા ભવ્ય લક્ષ્મીવિલાસ પેલેસના ગાદી હોલમાં આજે સવારે બરાબર ૧૦.૦૧ મિનિટે પુષ્ય નક્ષત્રના શુભ યોગ દરમિયાન યુવરાજ સમરજીતસિંહ ગાયકવાડની વેદોક્ત ઋચાઓના મંત્રોચ્ચાર સાથે રાજ્યાભિષેક વિધિ સંપન્ન કરાઈ હતી. આ સાથે મહારાજ સમરજીતસિંહ, તેઓ તેમના પિતા સ્વ. મહારાજ રણજીતસિંહના ઉત્તરાધિકારી તેમજ સર સયાજીરાવ ગાયકવાડની વડોદરા નગરીની ગાયકવાડી રાજગાદીના ૧૭મા મહારાજા બન્યા છે.

પૂર્વમાં ગાયકવાડી સરકારના રાજચિન્હ ( બે હાથી, બે ધ્વજ તેમજ મુગટ ), પશ્ચિમમાં લક્ષ્મીજી - સરસ્વતીજીના સુશોભિત ચિત્રો, તેમજ દક્ષિણમાં સર સયાજીરાવ અને સ્વ. રાજમાતા શાંતાદેવીની પ્રતિમાઓ તથા ઉત્તર દિશામાં ભવ્ય ગાયકવાડી શાસનની પરંપરા રજૂ કરતા જાજરમાન ચિત્રો સાથેના ગાદી હોલમાં સવારે સાડા આઠ વાગ્યાથી જ આમંત્રિતો આવવા લાગ્યા હતા.

રાજવી પરિવારના નિકટના સગા તેમજ રાજા-મહારાજાઓ સહિત અંદાજે બસ્સો જેટલાં વિશેષ આમંત્રિત મહેમાનોની હાજરી વચ્ચે સાદગીભર્યા છતાં પણ ભવ્યતાનો અહેસાસ કરાવતા આ કાર્યક્રમ દરમિયાન રાજપુરોહિત ધ્રુવદત્ત વ્યાસ તેમજ તેમના બે પુત્રો નારાયણ તથા પ્રેમદત્ત વ્યાસ તેમજ પૌત્ર



આદિત્યના હસ્તે આ વિધિ યોજાઈ હતી.

વર્ષોની પરંપરા અનુસાર ગાયકવાડ બ્રધર્સ તેમજ ગુરવ તાશ બ્રધર્સની સંગીત મંડળીના વલાર વાદન તેમજ શરણાઈની સૂરાવલીઓથી મંગલમય બનેલા ગાદી હોલના વાતાવરણ વચ્ચે સવારે ૯.૨૦ મિનિટે સૌપ્રથમ મૃણાલિનીદેવી પુવાર તેમજ અન્ય બહેનો ગાદી હોલમાં આવી પહોંચ્યાં હતાં. ૯.૨૩ મિનિટે લક્ષ્મી વિલાસ પેલેસના પ્રૌઢ ડયુટી ઓફિસર અવિનાશ પવારે પરંપરાગત રજવાડી લહેકામાં ' હોંશિયાર, ખબરદાર, બા અદબ બા મુલાઈદા, સેના ખાસ ખેલ શમશેરબહાદૂર, પારબંદેખાસ, દૌલતે ઈંગલીજિયા, ગૌબ્રાહ્મણ પ્રતિપાલક રાજાધિરાજ મહારાજ શ્રીમંત શ્રી સમરજીતસિંહ રણજીતસિંહ ગાયકવાડ પધાર રહે હૈં' ની છડી પોકારી હતી. આ છડી સાથે જ એક તબક્કે સમગ્ર ગાદી હોલમાં શાંતિ ફેલાતા સૌની નજર ગાદી હોલના દરવાજે મંડાઈ હતી. એ પછી બરાબર ૯.૨૪ મિનિટે સફેદ શેરવાનીમાં અનુસંધાન **પાના નં ૪** ઉપર

## પિતાની યાદ જરૂર આવે છે



વર્ષોથી ચાલી આવતી રાજ્યાભિષેકની એક ગાયકવાડી પરંપરાને અનુસરવાનું છે. કેમ કે હવે વડોદરા રાજ્ય રહ્યુ નથી. રાજ્યાભિષેકનો આજનો દિવસ ખુશીનો છે. એક અલગ પ્રકારની લાગણી થાય છે, જો કે મોટી જવાબદારી આવી પડી છે તે નિભાવવાની છે તેમ મહારાજ સમરજીતસિંહ ગાયકવાડે જણાવ્યું હતું. શહેરીજનોએ રાજવી પરિવારની પડખે રહી શુભકામનાઓ પાઠવી છે તે માટે તેમના આભારી છીએ. તૂટતા સ્વરમાં ' પિતાની યાદ જરૂર આવે છે ' તેટલું બોલતા જ મહારાજ સમરજીત ગદગદીત થઈ ગયા હતા.

## મિશ્ર લાગણીનો અનુભવ થઈ રહ્યો છે



આજનો દિવસ કુટુંબ માટે મહત્વનો છે. સુખ અને દુઃખની મિશ્ર લાગણીનો અનુભવ થઈ રહ્યો છે તેમ રાજમાતા શુભાંગિનીરાજેએ આજે જણાવ્યું હતું.પત્રકારો સાથેની વાતચીત દરમિયાન માંડ સ્વસ્થતા જાળવી રાખનાર રાજમાતાની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી હતી. શહેરીજનોએ જે રીતે મહારાજ સાહેબ ( સ્વ. રણજીતસિંહને ) માટે લાગણી દર્શાવી, તે રીતે સમરજીતને પણ શહેરીજનોનો આશીર્વાદ અને સહકાર મળે તેવી પ્રાર્થના રાજમાતાએ ગદગદીત સ્વરે શહેરીજનો સમક્ષ કરી હતી.

## જવાબદારી ખુબ મોટી છે



રાજગાદી સાદી છે પરંતુ તેની પાછળની જવાબદારી ખુબ મોટી છે તેમ જસદણના મહારાણી તેમજ મહારાજ સમરજીતસિંહના બહેન અલૌકિકારાજે જણાવ્યું હતું. રાજ્યાભિષેક વિધિ સંદર્ભે માહિતી આપતા તેમણે ઉમેર્યુ હતું કે આ એક પરિવારના સભ્યો પુરતુ મર્યાદિત એવું ખાનગી ફંકશન હોય છે. જેથી અન્ય મહેમાનોને મોટી સંખ્યામાં આમંત્રિત કરાતા નથી. ગાદી હોલનું પણ વિશેષ મહત્વ છે, અહીં તમામ વિધિ સાદગીપૂર્ણ રીતે કરાય છે. અગાઉના વર્ષો દરમિયાનની ગાયકવાડી શાસન

અનુસંધાન **પાના નં ૪** ઉપર